અગત્યનું

પ્રવેશિકા (હોલ ટીકીટ) સબંધિત

ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/એચ./2023/775
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેકટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા:-07/03/2023

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ, ગુજરાત રાજ્ય.

વિષય- માર્ચ 2023ની ધોરણ 10 અને 12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાની હોલટિકિટ (પ્રવેશિકા) બાબત

ધો.10 (એસ.એસ.સી.) અને ધો.12 (સામાન્ય પ્રવાહ / વિજ્ઞાન પ્રવાહ)ની જાહેર પરીક્ષામાં પરીક્ષાર્થીએ ઉપસ્થિત થવા માટે નીચે મુજબની જોગવાઇ હોલટિકિટ (પ્રવેશિકા)ની સૂચનાઓમાં દર્શાવેલ છે કે,

"માર્ચ-2023ની ધોરણ-10 અને 12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા દરમ્યાન ઉમેદવારોએ હોલટિકિટ (પ્રવેશિકા) લઈને ફરજીયાત પરીક્ષા સમયે ઉપસ્થિત રહેવાનું રહેશે. હોલટીકીટ (પ્રવેશિકા) જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થવાનો મુખ્ય આધારભૂત દસ્તાવેજ છે. હોલટિકિટ વગર પરીક્ષા ખંડમાં પ્રવેશ આપી શકાય નહીં."

➔ ધો.10ની હોલટીકીટ સાથેની સૂચનાઓમાં સૂચના નં. 2 "પરીક્ષાર્થીએ પ્રવેશપત્ર (હોલટીકીટ) પરીક્ષા સમયે પોતાની પાસે રાખવું અને પરીક્ષા સમયે તે બતાવવું. પ્રવેશપત્ર વિના પરીક્ષા ખંડમાં હાજરી આપી શકાશે નહિ".

➔ ધો.12 સમાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહની હોલટીકીટ સાથેની સૂચનાઓમાં સુચના નં.1 "પરીક્ષાર્થીએ પ્રવેશપત્ર પરીક્ષા સમયે પોતાની પાસે રાખવું અને પરીક્ષા સમયે તે બતાવવું પ્રવેશપત્ર વગર પરીક્ષા ખંડમાં હાજરી આપી શકાશે નહિ"

માર્ચ-2023 ધોરણ-10 અને 12ની પરીક્ષા સાથે સંકળાયેલ તમામે આ બાબતે ગંભીરતાપૂર્વક નોંધ લઇ શાળા કક્ષાએ આચાર્યશ્રીઓને, પરીક્ષા આપનાર ઉમેદવારોને જાણ થાય અને કોઈ પણ ઉમેદવાર હોલટીકીટ (પ્રવેશિકા) વગર પરીક્ષા સ્થળ પર ન જાય તેવી સુચનાઓ આપવા જણાવવામાં આવે છે.

નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

સવિનય નકલ રવાના જાણ સારું:-

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર

પ્રતિ,
આચાર્યશ્રી,
મા. અને ઉ.મા. શાળાઓ તમામ
જિ. વડોદરા
રા— જાણ તથા અમલાર્થે.

D:\A.P\2023\SSC 10\CHAUDHARY SIR\DEO.DOCX



જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.